# માર્શલ પ્લાનઃ જ્યારે યુરોપનું પુનઃસર્જન થયું



**પશ્ચિમ અને દક્ષિણ યુરોપના કુલ 17 દેશોની રાજકીય અને આર્થિક પુનઃરચના માટે આ પ્લાન બન્યો હતો. તેની આરંભિક અસ્વીકૃતિથી માંડીને છેવટે થયેલી સત્તાવાર સ્વીકૃતિ સુધીનો ઘટનાક્રમ અને સમાવયેલી વિગતો ટૂંકમાં સમજીએ**

બોર્ડર
કેપ્ટન શૂરવીર સિંહ

કોઈ લશ્કરી અધિકારીને નોબેલ પીસ પ્રાઈઝ એનાયત થયું હોવાનું ક્યારેય સાંભળ્યું છે? એના કરતાંય એવો પ્રશ્ન સ્વાભાવિક રીતે થાય કે, આવું શક્ય છે ખરું? આ પ્રશ્નનો જવાબ પણ એટલો જ સીધો-સાદો છે કે જો યુદ્ધ અને શાંતિ સાથે ચાલી શકતા હોય અને આ જ આગવા ખ્યાલ પરથી લીઓ ટોલ્સટોય વૉર એન્ડ પીસ જેવી કાલજયી નવલકથાનું સર્જન કરી શકતા હોય તો લશ્કરી અધિકારીને નોબેલ પીસ પ્રાઈઝ મળી પણ શકે. હકીકતે જેમ લશ્કર તેમ લશ્કરી કાર્યવાહી પણ વિશિષ્ટ હોય છે. બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકા વતી મહત્ત્વનાં મિલિટરી ઓપરેશન્સમાં ચાવીરૂપ ભૂમિકા ભજવનાર જ્યોર્જ સી. માર્શલે બીજા વિશ્વયુદ્ધ પછીનાં બે જ વર્ષમાં એટલે કે 1947થી યુરોપની કાયાપલટ કરનાર માર્શલ પ્લાન બનાવવાનું શરૂ કરીને 1948 સુધીમાં તો તેને અમેરિકામાં સ્થાનિક સ્તરે તેમજ વૈશ્વિક સ્તરે પણ ચર્ચાને યોગ્ય બનાવી દીધો હતો. અહીં એ પણ નોંધી લઈએ કે જ્યોર્જ સી. માર્શલે બીજા વિશ્વયુદ્ધ દરમ્યાનના ઘણા મિલિટરી ઓપરેશન્સનું પણ પ્લાનિંગ અને સંચાલન કર્યું હતું અને પછી યોગ્ય સમય આવ્યો ત્યારે બીજા વિશ્વયુદ્ધમાં સૌથી વધુ ખુવાર થયેલા યુરોપના દેશોની સમગ્રલક્ષી પુનઃરચનાનું કામ પણ બખૂબી કર્યું હતું. મતલબ કે સર્જન અને વિસર્જનની કામગીરી લગભગ સમાંતરે અને એકસાથે કરી હતી.

## માર્શલ પ્લાન...

બીજા વિશ્વયુદ્ધ પછીના તરતના સમયમાં એટલે કે સ્પષ્ટ રીતે કહીએ તો 1948માં સત્તાવાર રીતે અમેરિકા દ્વારા બીજા વિશ્વયુદ્ધમાં સૌથી વધુ તબાહ થયેલા યુરોપને પુનઃ બેઠું કરવા માટે તેને નોંધપાત્ર આર્થિક સહાય કરવાના હેતુથી યુરોપિયન રિકવરી પ્રોગ્રામ નામનો પ્લાન રજૂ થયો હતો. અમેરિકન લશ્કરના તત્કાલીન અધિકારી જ્યોર્જ સી. માર્શલ દ્વારા આ પ્લાન રજૂ થયો હોવાથી તે માર્શલ પ્લાન તરીકે જાણીતો થયો હતો. આ પ્લાન રજૂ કરવા માટે જ જ્યોર્જ સી. માર્શલને 1951માં નોબેલ પીસ પ્રાઈઝ એનાયત થયું હતું. નોબેલ પ્રાઈઝ એનાયત થવાનું શરૂ થયું તેને હમણાં જ 125 વર્ષ પૂરાં થયાં છે ત્યારે એ નોંધવું રહ્યું કે નોબેલ પ્રાઈઝના 125 વર્ષના ઈતિહાસમાં માત્ર બે લશ્કરી અધિકારીને નોબેલ પીસ પ્રાઈઝ એનાયત થયું છે. એ બે લશ્કરી અધિકારીઓમાંના એક જ્યોર્જ સી. માર્શલને નોબેલ પીસ પ્રાઈઝ અપાવનાર આ માર્શલ પ્લાનની રૂપરેખાની એક ઝલક મેળવવા સાથે તેની આરંભિક અસ્વીકૃતિથી માંડીને છેવટે થયેલી સત્તાવાર સ્વીકૃતિ સુધીનો ઘટનાક્રમ અને આ પ્લાનમાં સમાવયેલી વિગતો ટૂંકમાં સમજવા જેવી છે.


પશ્ચિમ અને દક્ષિણ યુરોપના કુલ 17 દેશોની રાજકીય અને આર્થિક પુનઃરચના માટે આ પ્લાન બન્યો હતો. યુરોપના આ 17 દેશોમાં લોકશાહી શાસન વ્યવસ્થાની પુનઃરચના કરીને આ દેશોમાં ફરી એકવાર દીર્ઘકાલીન, મજબૂત અને લોકાભિમુખ શાસનની સ્થાપના કરવી એ આ પ્લાનનો મુખ્ય હેતુ હતો. એમ કરીને યુરોપમાં અને વિશ્વમાં પણ લોકશાહી બચી જાય અને જળવાઈ રહે એ અમેરિકાના આ પ્લાનનું ધ્યેય હતું.

હકીકતે બીજા વિશ્વયુદ્ધ પછી ઊભી થયેલી



પરિસ્થિતિમાં ગંભીર બનેલી પ્રજાકીય સ્થળાંતર, ગરીબી અને બેકારી જેવી સમસ્યાઓને કારણે યુરોપમાં ધીમે પગલે સામ્યવાદ પગપેસારો કરી રહ્યો હતો, એ બાબતનો અમેરિકાને ડર લાગી રહ્યો હતો. આ સમસ્યાનો ઉકેલ કાઢવા માટે જ એક સમયે અમેરિકન લશ્કરનો હિસ્સો રહી ચૂકેલા જ્યોર્જ સી. માર્શલને હવે બદલાયેલી પરિસ્થિતિમાં રાજકારણમાં પ્રવેશ અપાવીને 1947માં તેમને અમેરિકાના વિદેશમંત્રી બનાવાયા હતા. સૌપ્રથમ તો તત્કાલીન અમેરિકન પ્રમુખ હેરી એસ. ટ્રૂમેને તેને 1947માં જ વ્યક્તિગત ધોરણે આ પ્લાન સત્તાવાર રીતે સ્વીકારીને વ્યક્તિગત રીતે માર્શલ પ્લાન મંજૂર કરી દીધો હતો. જોકે હજી અમેરિકન સંસદની મંજૂરી મેળવવાની બાકી હતી. 3 એપ્રિલ, 1948ના રોજ માર્શલે પોતાનો આ પ્લાન અમેરિકન સંસદમાં રજૂ કરીને સત્તાવાર રીતે મંજૂર કરાવ્યો હતો. એ રીતે સત્તાવાર ધોરણે આ અંગેનો કાયદો પણ પસાર થઈ ગયો હતો. હવે થયું હતું એવું કે આ કાયદા હેઠળ રશિયાના લશ્કરી આધિપત્ય હેઠળના કેટલાક દેશો સહિત આખા યુરોપને અમેરિકાની આ નાણાકીય સહાય મળતી હતી. આથી શરૂઆતમાં જ તે સમયનું સ્ટાલિનના શાસનવાળું સામ્યવાદી રશિયા આ પ્લાનમાંથી ખસી ગયું હતું. રશિયાના આ પગલાથી પ્રેરાઈને પછીના સમયમાં પૂર્વ યુરોપના દેશો પણ આ યોજનામાંથી ખસી ગયા હતા. આ ફેરબદલ પછી અમેરિકા પ્રેરિત આ યોજનામાં ઓસ્ટ્રિયા, બેલ્જિયમ, ડેન્માર્ક, ફ્રાન્સ, ગ્રીસ, આઈસલેન્ડ, આયર્લેન્ડ, ઈટાલી, લેક્ઝમ્બર્ગ, નેધરલેન્ડ્સ, નોર્વે પોર્ટુગલ, સ્વીડન, સ્વિટ્ઝર્લેન્ડ, તુર્કી, યુનાઈટેડ કિંગડમ અને તત્કાલીન પશ્ચિમ જર્મની જેવા દેશો રહ્યા હતા.

આ પ્લાનના અસરકારક અમલ માટે પૌલ જી. હાફમેન(Paul G. Halfman) ના વડપણ હેઠળ ઈકોનોમિક કોઓપરેશન એડમિનિસ્ટ્રેશન(Economic Cooperation Administration- ECA) ના નામે એક સ્વતંત્ર બ્યૂરોની રચના કરવામાં આવી હતી. આ બ્યૂરોના સંચાલન હેઠળ એ પછીનાં 4 વર્ષ દરમ્યાન આ પ્લાન હેઠળ આવતા દેશોમાં ઔદ્યોગિક ઉત્પાદન અને ખેતી ફરી શરૂ કરવામાં, આર્થિક સ્થિરતા સ્થાપવામાં અને વેપારની પુનઃસ્થાપના તેમજ વૃદ્ધિમાં 13 મિલિયન ડોલરની આર્થિક સહાય કરવામાં આવી હતી. આ આર્થિક સહાયનો કેટલોક હિસ્સો ગ્રાન્ટ સ્વરૂપે તેમજ કેટલોક હિસ્સો લોન સ્વરૂપે અપાયો હતો. સમય જતાં ફ્રાન્સ, યુ. કે. અને પશ્ચિમ જર્મનીની મુખ્ય ભૂમિકા સાથેના કાયમી ધોરણે સ્થપાયેલા ઓર્ગેનાઈઝેશન ફોર યુરોપિયન ઈકોનોમિક કોઓપરેશન Organisation for European Economic Co-operation (OEEC)એ ઉપરોક્ત બ્યૂરોનું સ્થાન લીધું હતું. 1949 સુધી સત્તાવાર રીતે ચાલુ રહેલો આ પ્લાન ઘણો સફળ રહ્યો હતો. આ સમયગાળા દરમ્યાન પશ્ચિમ યુરોપના દેશોનો GDP 15-25% જેટલો વધ્યો હતો.





# રણવીર સિંહે પોતાને 'ધુરંધર' એક્શન સ્ટાર તરીકે સ્થાપિત કર્યો છે!

ફિલ્મોગ્રાફ
રાકેશ ઠક્કર

નિર્દેશક આદિત્ય ધારની ફિલ્મ 'ધુરંધર' ટેકનિકલ રીતે શક્તિશાળી અને અભિનયની દ્રષ્ટિએ મજબૂત ફિલ્મ છે. પરંતુ તેની લંબાઈ અને ક્રૂરતા તેને સામાન્ય કમર્શિયલ એન્ટરટેઈનર બનવાથી અટકાવે છે. જો તમે આદિત્ય ધારની નિર્દેશન શૈલી અને રણવીર સિંહના નવા એક્શન-અવતારને પસંદ કરો છો તો તમને આ ફિલ્મ ચોક્કસ ગમે એવી છે. રૂ.280 કરોડની 'A' સર્ટીફિકેટવાળી ફિલ્મએ બોક્સ ઓફિસ પર વીકએન્ડમાં રૂ.106 કરોડની કમાણી કરી હતી. આ ફિલ્મ માત્ર એક સામાન્ય જાસૂસી થ્રિલર નથી પરંતુ તે ભારતની ગુપ્ત કાર્યવાહીઓ અને પાકિસ્તાનના અંડરવર્લ્ડમાં ઘૂસીને આતંકવાદના મૂળને નષ્ટ કરવાના એક મહત્વાકાંક્ષી 'ઓપરેશન ધુરંધર'ની કહાણી છે.

ફિલ્મનો પ્રથમ ભાગ જકડી રાખે એવો છે. તેને અનેક પ્રકરણોમાં વિભાજિત કરવામાં આવ્યો છે. જે વાર્તાને સુવ્યવસ્થિત અને સરળ બનાવે છે. અહીં પાકિસ્તાની માફિયા, પોલિટિક્સ અને ભારત વિરોધી ષડયંત્રોનો ઊંડો પરિચય મળે છે. લગભગ 3 કલાક 34 મિનિટનો લાંબો રનટાઈમ કેટલાક દર્શકોને ખાસ કરીને 2 કલાકના પહેલા ભાગમાં જે દુનિયાનું નિર્માણ કરવામાં આવ્યું છે તેમાં થોડો ખેંચાયેલો લાગી શકે છે. આદિત્ય ધારનું દિગ્દર્શન તેને કંટાળાજનક થવા દેતું નથી. હિંસાને ખૂબ જ ક્રૂર અને લોહિયાળ રીતે દર્શાવવામાં આવી છે. જોકે. આ વાર્તાની માંગ છે. પરંતુ સંવેદનશીલ દર્શકો માટે અમુક ટોર્ચર અને હિંસાના દ્રશ્યો અસહ્ય બની શકે છે.

ફિલ્મ મૂળભૂત રીતે પાર્ટ-1 છે અને તે બીજા ભાગ માટે પૃષ્ઠભૂમિ તૈયાર કરે છે. તેથી વાર્તાનો અંત એક સંપૂર્ણ ક્લોઝર આપવાને બદલે બીજા ભાગની ઉત્સુકતા વધારતો આપ્યો છે. જે કેટલાક દર્શકોને અસંતોષ આપી શકે છે. ક્લાઈમેક્સ બીજા ભાગ માટે જગ્યા બનાવે છે. જે 19 માર્ચ, 2026ના રોજ રિલીઝ થવાનો છે. રણવીર સિંહે સાબિત કરી દીધું છે કે તે માત્ર કોમેડી કે રોમાન્સ પૂરતો સીમિત નથી પરંતુ ડાર્ક અને ગંભીર વિષયવસ્તુમાં પણ પ્રભાવશાળી અને આકર્ષક મુખ્ય અભિનેતા બની શકે છે. રણવીરનું પ્રદર્શન આ ફિલ્મનો આત્મા છે. રો એજન્ટ તરીકે તેણે સંયમિત અને ગહન અભિનય આપ્યો છે. તેના પાત્રની આંખોમાં ગુસ્સો, પીડા અને પ્રતિબદ્ધતા સ્પષ્ટ દેખાય છે. તેનો એક્શન અવતાર અને તીવ્ર દ્રશ્યો દર્શકોને રોમાંચિત કરે છે. ઘણા ચાહકો તેને ફરીથી ફોર્મમા પાછો ફર્યો હોવાનું માને છે.

રણવીર અત્યાર સુધી તેના ઉત્સાહી અને જોરદાર એનર્જીવાળા પાત્રો માટે જાણીતો હતો. 'ધુરંધર'માં તેણે તેના આ પ્રકારના પાત્રમાંથી બહાર નીકળીને સંયમિત, ગહન અને તીવ્ર અભિનય આપ્યો છે. તેણે પોતાને માત્ર એક એક્ટર તરીકે નહીં પણ એક વિશ્વસનીય એક્શન સ્ટાર તરીકે સ્થાપિત કર્યો છે. એક્શનમાં તેનું શારીરિક પરિવર્તન અને સમર્પણ સ્પષ્ટપણે દેખાય છે. 'પદ્માવત' કે 'ગલી બોય' પછીનું તેનું આ સૌથી સશક્ત પ્રદર્શન છે. આ ફિલ્મ તેના કારકિર્દીના શ્રેષ્ઠ પ્રદર્શનોમાંનું એક છે. તેણે એક ગંભીર, પીડિત અને અત્યંત પ્રતિબદ્ધ એજન્ટની ભૂમિકાને સંપૂર્ણ ન્યાય આપ્યો છે. એ તેની એનર્જેટિક છબીથી વિપરીત છે.

**તેણે પોતાને એક વિશ્વસનીય એક્શન સ્ટાર તરીકે સ્થાપિત કર્યો છે. એક્શનમાં તેનું શારીરિક પરિવર્તન અને સમર્પણ સ્પષ્ટપણે દેખાય છે. 'પદ્માવત' કે 'ગલી બોય' પછીનું તેનું આ સૌથી સશક્ત પ્રદર્શન છે**

અક્ષય ખન્નાએ વિલન રહેમાન બલોચ તરીકે મેદાન માર્યું છે. ગેંગસ્ટર રહેમાન બલોચના પાત્રમાં તેની હાજરી શક્તિશાળી છે. તેના પાત્રની મૌન, શક્તિશાળી હાજરી અને આંખો દ્વારા થતો અભિનય ફિલ્મનું સ્તર ઊંચું લઈ જાય છે. તેના અભિનયમાં એક ગજબની ધમકી અને વજન છે. જે દરેક ફ્રેમને ઊંચકી લે છે. તેનું પાત્ર રણવીર ઉપર પણ ભારે પડ્યું છે. સામાન્ય દર્શકને માટે મુશ્કેલી એ છે કે A સર્ટિફિકેટ મળ્યું છે અને થીમ અત્યંત ડાર્ક અને ગંભીર છે. સ્પાય એજન્ટોની ક્રૂર દુનિયા, આતંકવાદ, રાજકીય ષડયંત્રો અને હિંસાની વાસ્તવિકતા દર્શાવી છે. ફિલ્મમાં પાકિસ્તાની અંડરવર્લ્ડ અને ગુપ્ત એજન્ટોની દુનિયાને વાસ્તવિકતા સાથે દર્શાવવા માટે અમુક જગ્યાએ કઠોર ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

'એનિમલ'માં હિંસા ઘણીવાર ભવ્ય અને લાગણીના આવેશમાં બતાવવામાં આવી છે. જ્યારે 'ધુરંધર'માં હિંસા કાર્યવાહીલક્ષી અને કઠોર વાસ્તવિકતા દર્શાવે છે. એજન્ટો અને ગેંગસ્ટરોની દુનિયા કેટલી જોખમી છે તે બતાવવા માટે લોહિયાળ દ્રશ્યોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે નાના બાળકો કે સંવેદનશીલ દર્શકો માટે અયોગ્ય છે. 'ઉરી' પછી આદિત્યની વાર્તા કહેવાની પકડ અહીં વધુ મજબૂત બની છે. દિગ્દર્શન ક્રૂર, વાસ્તવિક અને ગ્રાઉન્ડેડ છે. તે જાસૂસીની દુનિયાને બિન-ગ્લેમરાઈઝ્ડ રીતે રજૂ કરે છે. બેકગ્રાઉન્ડ સંગીત વાર્તાની ગતિ અને તીવ્રતાને જાળવી રાખે છે. એક્શન કોર્યોગ્રાફી અત્યંત વાસ્તવિક છે. ગોળીબાર, વિસ્ફોટ અને ખાસ કરીને હાથોહાથની લડાઈના દ્રશ્યો ખૂબ જ સારી રીતે ડિઝાઈન કરવામાં આવ્યા છે. ફિલ્મની લંબાઈ કેટલાક દર્શકો માટે પડકારરૂપ બની શકે છે. અમુક દ્રશ્યો કે વાર્તાના સબ-પ્લોટ્સને ટૂંકા કરી શકાયા હોત. વાર્તામાં અનેક પાત્રો, સબ-પ્લોટ્સ અને ભૂતકાળની ફ્લેશબેક વાર્તાઓ છે. જો ધ્યાન ન આપવામાં આવે તો વાર્તાને અનુસરવામાં થોડી મુશ્કેલી પડી શકે છે.

### ઓટોગ્રાફ !

ભોજપુરી અને દક્ષિણની ફિલ્મોના ગીતો વચ્ચેનો ફરક એવો છે કે દક્ષિણના ગીતમાં કોર્યોગ્રાફી એટલી જબરદસ્ત હોય છે કે તે જોઈને દુનિયાના બેસ્ટ ડાન્સરને પણ પરસેવો છૂટી જાય! જ્યારે ભોજપુરી ગીત આવે એટલે હીરો-હિરોઈન ખેતરમાં ટામેટાંના છોડની આસપાસ ચુલબુલા ડાન્સ કરે છે! એમનું ધ્યાન ગ્લોબલ માર્કેટ પર નહીં પણ સ્થાનિક બગીચા પર વધારે હોય છે!

# ભારતીય સંસ્કૃતિમાં આટલી ફેરવિચારણાને અવકાશ છે

જીવન સરિતાને તીરે
દિનેશ પાંચાલ

દોસ્તો, આજે પણ ન સમજાતી ઘણી મૃત્યુવિષયક વિધિઓ અમારે માટે કોયડારૂપ બની રહી છે. જેમ કે સૂતરને કાપ્યા વિના નનામી પર કામડી બાંધવાનો આગ્રહ શાથી રખાય છે? સૂતરને કાપીએ તો શો વાંધો આવે? સ્મશાનમાં કામડી છોડતી વખતે પણ સૂતરને કાપી ન શકાય. બે વ્યક્તિએ સામસામે ઊભા રહી દહીં વલોવતા હોય એ રીતે નનામીને હલાવીને જ કામડીઓ છૂટી પાડવી પડે છે. સ્મશાનમાં પ્રવેશતા પૂર્વે વિસામે લાડવાની વિધિ પતાવ્યા બાદ નનામી સ્મશાનની અંદર લઈ જવાની આવે છે. તે વખતે જેઓ શરૂઆતમાં આગળ રહ્યા હોય તેમણે પાછળ ચાલ્યા જવું પડે છે અને જેઓ પાછળ રહ્યા હોય તેમણે આગળના ભાગેથી નનામી ઊંચકવી પડે છે - એવું કેમ? આવા તો ઘણા પ્રશ્નો છે. એક ચોખવટ કરીએ. મૃત્યુવિષયક રીતરસમો પાછળ જો આપણી જાણબહારનો કોઈ સચોટ વૈજ્ઞાનિક આધાર હોય તો બેશક આપણે તે માટે આદર વ્યક્ત કરવો રહ્યો પણ ઘણી વિધિઓ આપણા વડીલોએ પાછળથી પોતાની રીતે ઘુસાડી દીધેલી જણાય છે. અન્યથા કોઈ એ સમજાવો કે નનામીની આગળ પાછળના માણસો બદલાય એથી મરનારને શો ફરક પડે? (માણસને માટે જે અતિ મૂલ્યવાન ગણાય તે જીવાદોરી જ કપાઈ ચૂકી હોય પછી સૂતરને કાપો કે ન કાપો કશો ફરક પડતો નથી)

'ઝરીનાઝ વાયોલેટ' નામની એક અંગ્રેજી વાર્તાનું સ્મરણ થાય છે પણ એથી ય વધુ નક્કર ઉદાહરણ



અત્રે વિશેષ આધારભૂત થઈ પડશે. અમને એ વાત કહેનારા નરસિંહકાકાને તો મૃત્યુ પામ્યાનેય વીસેક વર્ષ થઈ ગયા. પણ તેમણે વર્ષો પૂર્વે એક દેવતાને આ દુનિયામાં કેવી રીતે જન્મ આપેલો તે વાત તેમણે જણાવી હતી. આશરે સિત્તેરેક વર્ષ પૂર્વેની એ ઘટના છે. નરસિંહકાકા નાના હતા ત્યારે એમના મિત્રો સાથે ઝાડીમાં રમવા જતા. એક વાર એમણે એમની કોઈ ગામઠી રમત માટે એક મોટો પથ્થર શોધ્યો અને દૂરથી ઓળખી શકાય તે માટે તેને સિંદૂરિયા રંગથી રંગ્યો. રમ્યા ત્યાં સુધી રમ્યા પછી શાળામાં વેકેશન પડ્યું. એટલે સગેવ્હાલે ફરવા જવાનો કાર્યક્રમ ગોઠવાયો. એ પથ્થર કોઈ લઈ ન જાય તે માટે તેમણે એક ઝાડ નીચે દાટી દઈને ઉપર ધૂળ વાળી દીધી. થોડા દિવસ પછી બન્યું એવું કે પવનને કારણે પેલા પથ્થર પરની ધૂળ ઊડી ગઈ. સિંદૂરિયો પથ્થર દેખાવા લાગ્યો. યોગાનુયોગે પથ્થરની આકૃતિ એક દેવની પ્રતિમા સાથે મળતી આવતી હતી. એક સવારે ગામમાં ખબર થઈ કે ઝાડીમાં લીમડાના ઝાડ નીચે ફલાણા દેવ પ્રગટ થયા છે. બસ થઈ રહ્યું. લોકોના ટોળેટોળા ઉમટવા માંડયા. લીમડા નીચે પાણી છંટાયું. તોરણો બંધાયા. લોકો ફૂલ, ચોખા, અબીલ-ગુલાલ, અગરબત્તી વગેરે લઈને ઉમટી પડ્યાં. ભજનકિર્તન પણ થયાં.

નરસિંહકાકાનું મોસાળ બાજુના ગામમાં હતું. ઊડતા ઊડતા એ ખબર તેમના કાને પહોંચ્યા. નરસિંહકાકા તેમનો મોસાળવાસ વહેલો સમેટી લઈ મૂર્તિ જોવા ગામમાં આવ્યા. ઝાડીમાં જઈને જોયું તો પેલો જ સિંદૂરિયો પથ્થર દેવ બની પૂજાઈ રહ્યો હતો. લોકો જમીન પર નાક ઘસીને પગે લાગતા હતા. બાધા આખડીવાળું પણ ચાલુ થઈ ગયું હતું. નારિયેળો ફૂટવાથી ત્યાં કાદવ થઈ ગયો હતો. લોકોની આવી ઉત્કટ શ્રદ્ધા જોઈ નરસિંહકાકાની એમ કહેવાની હિંમત ન ચાલી કે- તમે જેને દેવ માની પૂજો છો તે અમારી રમત માટેનો પથ્થર છે. જો કે તેમણે પોતાની માતા સમક્ષ બીતાં બીતાં રહસ્યસ્ફોટ કર્યો. માતાએ એમની વાત હસી કાઢતાં કહ્યું: ''તે કોઈ બીજો પથ્થર હશે. તું ચોખવટ કરશે તો લોકો માનશે નહીં અને આપણને પાપ લાગશે, આ તો ખરેખર ફલાણા દેવની મૂર્તિ જમીનમાંથી પ્રગટી છે..!'' હું ચૂપ થઈ ગયો. પેલો પથ્થર પૂજાતો રહ્યો. બહુ જૂની વાત છે. નરસિંહકાકા મર્યાને પણ ખાસ્સાં વર્ષો થઈ ગયાં, બાદ લોકોએ નરસિંહકાકાની ગેરસમજને મૂર્ત સ્વરૂપ આપ્યું - મતલબ ત્યાં ફાળો ઉઘરાવીને ગામલોકોએ એક મોટું મંદિર બનાવી દીધું. અમે અમારી રમત માટે તે પછી બીજો પથ્થર શોધી કાઢ્યો અને તેને સિંદૂરિયા રંગથી રંગવાને બદલે ચૂનાથી રંગ્યો. એ પણ ચકાસી લીધું કે એનો આકાર કોઈ દેવ સાથે તો મળતો આવતો નથી ને..! નરસિંહકાકા મર્યાને પણ ખસ્સો સમય વિતી ગયો છે. નરસિંહકાકા જીવિત હતા ત્યારે રમૂજ કરતાં એક વાર કહેલું: 'એકબે વાર તો હું પણ ત્યાં જઈને પગે લાગી આવ્યો છું. (આજે પણ એ મંદિર ત્યાં ઊભું છે) આ પ્રસંગ આમ તો અંધશ્રદ્ધાનો છે પણ અત્રે હું એને મૃત્યુવિષયક અતાર્કિક રીતરસમોના પરિપ્રેક્ષ્યમાં તારવીને એ સૂચવવા માંગું છું કે સમાજમાં એવા ઘણા ખોટા રીતરિવાજો (પેલા સિંદૂરીયા પથ્થરની જેમ) પૂજાતા આવ્યા છે અને રામ જાણે હજી ક્યાં સુધી પૂજાતા રહેશે?

**નનામીની આગળપાછળના માણસો બદલાય એથી મરનારને શો ફરક પડે? માણસને માટે જે અતિ મૂલ્યવાન ગણાય તે જીવાદોરી જ કપાઈ ચૂકી હોય પછી સૂતરને કાપો કે ન કાપો કશો ફરક પડતો નથી**

### ધૂપછાંવ

અહીં ગોબેલ્સની વાત યાદ કરી લઈએ. તેણે કહેલું: ''એક જૂઠાણું સો વાર ઉચ્ચારવામાં આવે તો તે સત્ય બની જાય છે.'' સાતસો ગ્રામનું બનાવટી કાટલું વર્ષો સુધી વ્યવહારમાં કિલો તરીકે વપરાય તો લોકો ત્યાર બાદ સાતસો ગ્રામને જ કિલો તરીકે ગણતા થઈ જાય છે. આજે સેંકડો પથ્થરો મૂર્તિ બની પૂજાઈ રહ્યા છે. (દોસ્તો, જાણકારોને ખબર હશે જ કે સંતોષીમા, દશામા, કે વૈભવલક્ષ્મી જેવી દેવીનો ઉલ્લેખ એક પણ ધર્મગ્રંથમાં નથી. જરા વિચારોઃ આઝાદી પૂર્વે કેમ કોઈ એ દેવીઓ વિષે જાણતું ન હતું. સાંઠેક વર્ષો પછી જ કેમ એ દેવીઓનો જન્મ થયો..? ચાલો વિચારીએ.